सत्यमेव जयते

	તારીખ	માસ	વર્ષ
દાખલ તારીખ	૦૧	૦૯	૨૦૧૭
નોંધ્યા તારીખ	૦૧	૦૯	૨૦૧૭
ફેંસલ તારીખ	૨૯	૦૩	૨૦૨૩
સમયગાળો	વર્ષ	માસ	દિવસ
	૦૫	૦૬	૨૮

<u>મે. બીજા એડિશનલ ડિસ્ટ્રીકટ જજ શ્રી એ.એમ. મેમન સાહેબની અદાલતમાં</u>

<u>નવસારી, કેમ્પ–વાંસદા.</u>

રેગ્યુલર સિવિલ અપીલ નં. ૨૯/૨૦૧૭

આંક :

<u>એપેલન્ટ</u> :– સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, વાંસદા શાખા,
મુ. પો. વાંસદા, તા.વાંસદા, જિ.નવસારી.

વિરૂધ્ધ

<u>રિસ્પોન્ડન્ટ</u> :– (૧) છોટુભાઈ રૂમશીભાઈ પટેલ,
ઉ.આ.વ. પુખ્ત, ધંધો–ખેતી,
(૨) ઈલાબેન જેરામભાઈ પટેલ,
ઉ.આ.વ. પર, ધંધો–ખેતી,
(૩) મિનેષભાઈ જેરામભાઈ પટેલ,
ઉ.આ.વ. ૨૧, ધંધો–ખેતી,
(૪) સ્મિતાબેન જેરામભાઈ પટેલ,
ઉ.આ.વ. ૩૦, ધંધો–ખેતી,

(૫) મયુરીબેન જેરામભાઈ પટેલ,

ઉ.આ.વ. ૨૬, ધંધો–ખેતી,

તમામ રહે. મુ.પો. કુરેલીયા, તા. વાંસદા, જિ. નવસારી.

બાબત :– સિવિલ પ્રોસિજર કોડની કલમ–૯૬ મુજબ, નવસારીના મહે. પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજશ્રીએ સ્પેશયલ દીવાની મુકદમા નં. ૫૫/૨૦૧૧ માં આપેલ જજમેન્ટ વિરૂઘ્ધ.

એપેલન્ટ તર્ફે વિઘ્વાન વકીલ શ્રી જે.એ. પટેલ.
રિસ્પોન્ડન્ટ તર્ફે કોઈ નહી. (એક તર્ફી)

–:: ચુકાદો ::–

(૧) હાલના આ કામના એપેલન્ટ એટલે કે, મૂળ વાદીઓ ઘ્વારા હાલની અપીલ સિવિલ પ્રોસિજર કોડની કલમ–૯૬ મુજબ વિઘ્વાન પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ નવસારીનાઓએ તા. ૧૨–૦૭–૨૦૧૬ ના રોજ સ્પેશયલ દીવાની મુકદમાં નં. ૫૫/૨૦૧૧ ના કામે વાદીઓનો દાવો નામંજૂર કરતા આ કામના વાદીઓએ સદર હુકમ તથા હુકમનામાથી નારાજ થઈ વાદીઓએ હાલની અપીલ દાખલ કરેલી છે.

(૨) સરળતા ખાતર સદર કામના એપેલન્ટ કે જેઓ દાવાના કામે મૂળ વાદી હતા, અને સદર કામના રિસ્પોન્ડન્ટ કે જેઓ દાવાના કામના મૂળ પ્રતિવાદીઓ હતા, તે જ રીતે એટલે કે, સદર કામના એપેલન્ટને વાદી તરીકે અને સદર કામના રિસ્પોન્ડન્ટને પ્રતિવાદીઓ તરીકે સંબોધવામાં આવશે.

(૩) હાલની અપીલની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના મૂળ વાદી બેંક સને–૧૯૯૫ ના સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા એકટ મુજબ સ્થપાયેલી બેંક છે, અને તે મુબજ બેંકનું કામ કાજ કરે છે. વાદી બેંકીંગ બિઝનેશ જેવા કે, કેસ ક્રેડીટ ફેસીલીટી, ખેત સુધારણા માટે ધિરાણ, ધંધા ઉઘ્યોગ માટે ધિરાણ, ટ્રેકટર–ટ્રેલર તથા સાધનો, બળદ, ભેંસ વિગેરે ખરીદવા ધિરાણ આપવાની તથા થાપણો સ્વીકારવાનો ધંધો કરે છે. જેની એક શાખા વાંસદા, તા. વાંસદા, જિ. નવસારી

ખાતે આવેલ છે, તેમજ દાવા અરજી ઉપર સહી કરનાર મયંકભાઈ શાહ વાદી બેંકના મેનેજર છે, અને દાવો કરવા માટે અધિકૃત અધિકારી છે.

વધુમાં પોતાની દાવા અરજીની હકીકતોમાં વાદી બેંકે જણાવેલ છે કે, પ્રતિવાદી નં. ૧ ને પોતાના ખેતી–વાડીના વિકાસ માટે ટ્રેકટર–ટ્રેલર ખરીદવા નાણાંની જરૂર પડવાથી વાદી બેંક પાસેથી ટર્મ લોન સ્કીમ હેઠળ તા. ૨૯–૫–૨૦૦૬ ના રોજ રૂા. ૪,૩૩,૦૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ તેત્રીસ હજાર પુરા) ની તથા કિશાન ક્રેડીટ કાર્ડ સ્કીમ હેઠળ તા. ૨૯–૫–૨૦૦૬ ના રોજ રૂા. ૭૦,૦૦૦/– (અંકે રૂપિયા સિત્તેર હજાર) નું ધિરાણ પ્રતિવાદી નં. ૧ નાઓએ મેળવેલ હતું. તે જ દિવસે પ્રતિવાદી નં. ૧ નાઓએ વાદી બેંકને હાઈપોથીકેશન કરાર લખી આપેલો તથા પ્રતિવાદી નં. ૨ ના પતિ તથા પ્ર તિવાદી નં. ૩ થી ૫ ના પિતા જેરામભાઈ વેલજીભાઈ પટેલનાઓએ જામીનગીરીનો કરાર લખી આપેલ હતો. પ્રતિવાદીએ ધિરાણ લીધેલ સદર રકમ ૯% વ્યાજ સાથે માસિક હપ્તાથી નિયમિત ચુકવી આપવાની હતી. જે તેઓએ ઠરાવેલ સમય મર્યાદામાં ભરપાઈ કરી નથી. પ્રતિવાદીઓને તા. ૩૧–૧–૨૦૧૯ ના રોજ નોટિસ મોકલેલ હોવા છતાં વાદી બેંકના નાણાં ભરપાઈ કરી આપેલા નથી. જેથી વાદી બેંકે હાલનો દાવો તા. ૩૧–૫–૨૦૧૦ ના રોજ થી ચઢતા વ્યાજ સાથે રૂા. ૫,૦૩,૦૦૦/– પ્રતિવાદીઓ પાસેથી વસુલ મેળવવા માટે દાવો કરેલ છે.

(૪) વાદીઓ દ્વારા દાવો દાખલ થતા પ્રતિવાદીઓઓને ધોરણસર દાવાના સમન્સ/નોટીસની બજવણી કરવામાં આવેલ, પ્રતિવાદી નં. ૧ નાઓ વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર થઈ વકીલ રોકવા તથા જવાબ રજૂ કરવા માટે મુદત અરજી આપેલ, જે મંજૂર કરવામાં આવેલ, તેમ છતાં સમય મર્યાદામાં જવાબ રજૂ ન કરી શકતા પ્રતિવાદી નં. ૧ નો જવાબનો હકક બંધ કરવાનો હુકમ તા. ૩૦–૩–૨૦૧૨ ના રોજ કરવામાં આવેલ, તેમજ પ્રતિવાદી નં. ૨ થી ૫ નાઓ વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર ન થતા તેઓની સામે સદર કામ એક તર્ફી ચલાવવાનો હુકમ

કરવામાં આવેલ.

(૫) વિધ્વાન ટ્રાયલ કોર્ટે સદર દાવાના ન્યાય નિર્ણય માટે આંક−૧૩ થી મુદ્દા કાઢવામાં આવેલા છે, જે નીચે મુજબ છે.

−:: મુદ્દા ::−

(૧) શું વાદી સાબિત કરે છે કે, આ કામના પ્રતિવાદી નં. ૧ નાએ વાદી બેંક પાસેથી ટ્રેકટર−ટ્રેલર ખરીદવા રૂા. ૪,૩૩,૦૦૦/− (રૂપિયા ચાલ લાખ તેત્રીસ હજાર) કિસાન ક્રેડીટ સ્કીમ મુજબની લોન મેળવેલી જેમાં પ્રતિવાદી નં. ૨ થી ૪ ના જામીન થયેલા ?

(૨) શું વાદી સાબિત કરે છે કે, લોન પેટે પ્રતિવાદી પાસેથી રૂા. ૪,૩૩,૦૦૦/− તથા વ્યાજ સહિત રૂા. ૫,૭૮,૨૫૮/− મેળવવાને હકદાર થાય છે ?

(૩) શું વાદી માંગ્યા મુજબનું વ્યાજ મેળવવાને હકકદાર છે ?

(૪) શું હુકમ અને હુકમનામું ?

(૬) ઉપરોકત મુદ્દા અન્વયે ટ્રાયલ કોર્ટના જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ

(૭) ત્યારબાદ, વિધ્વાન ટ્રાયલ કોર્ટ ધ્વારા વાદીઓ પ્રતિવાદીઓ તર્ફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા તથા બન્ને પક્ષકાર તર્ફેના વિધ્વાન વકીલશ્રીની દલીલો ધ્યાને લઈ મુદ્દા નં. ૧, ૨, ૩ નો જવાબ નકારમા ઠરાવી વાદીઓનો દાવો નામંજૂર કરતો હુકમ કરેલ છે. તેનાથી નારાજ થઈ વાદીઓ ધ્વારા હાલની અપીલ સિવિલ પ્રોસિજર કોડની કલમ−૯૬ મુજબ અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલ છે.

(૮) સદર કામમાં મૂળ પ્રતિવાદીઓને નોટિસ કાઢવામાં આવતા તે તેઓને ધોરણસર

બજી જતાં તેઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલા નથી. પ્રતિવાદીઓને પુરતી તક આપેલ હોવા છતાં અત્રેની અદાલતમાં હાજર ન થતા મારી અગાઉના વિધ્વાન એડી. ડિસ્ટ્રીકટ જજ સાહેબશ્રીએ તા. ૨૧–૮–૨૦૧૯ ના રોજ આંક–૧ લગત હુકમ કરી પ્રતિવાદી નં. ૧ થી ૫ સામે સદર કામ એક તર્ફી ચલાવવાનો હુકમ કરેલ છે.

(૯) સદર અપીલના કામે સબંધિત વાંસદા સિવિલ કોર્ટ તરફથી રે.દિ. મુ. નં. ૫૫/૨૦૧૧ નું અસલ રેકર્ડ અને પ્રોસીડીંગ મંગાવવામાં આવતા તે અત્રેની કોર્ટમાં આવી જતાં તે ધ્યાને લીધું.

(૧૦) સદર અપીલની સુનાવણીના તબકકે મૂળ વાદી તર્ફે વિ.વ.શ્રી જે.એ. પટેલનાઓએ દલીલો કરતા જણાવેલ છે કે, મૂળ વાદી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, વાંસદા શાખા તરફથી પ્રતિવાદીઓ વિરૂધ્ધ રૂા. ૫,૭૮,૦૯૮/– બેંક લોનના વ્યાજ સહિતા ના નાણાં વસુલ મેળવવા માટે દાવો કરેલ હતો. આ કામના પ્ર તિવાદી નં. ૧ છોટુભાઈ રુમસીભાઈ પટેલનાઓએ ટ્રેકટર–ટ્રેલર ખરીદવા માટે રૂા. ૪,૩૩,૦૦૦/– તથા કિશાન ક્રેડીટ કાર્ડ સ્કીમ હેઠળ રૂા. ૭૦,૦૦૦/– મળી કુલ્લે રૂા. ૫,૦૩,૦૦૦/–ની ટર્મ લોનનું ધિરાણ મેળવેલ હતું. જે નાણાં માસિક હ પ્તે વ્યાજ સહિત પરત કરવાના હતા, પરંતુ પ્રતિવાદીઓએ તે નાણાં પરત નહી કરતા પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજશ્રીની કોર્ટ નવસારી ખાતે સ્પે. દી.મુ.નં. ૧ ૫/૨૦૧૧ થી દાવો દાખલ કરવામાં આવેલ હતો. જે નામંજૂર થતા હાલની અપીલ દાખલ કરેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, વિધ્વાન ટ્રાયલ કોર્ટના જજમેન્ટના પાના નં. ૫, પેરા ૮ ઉપર મુદ્દા લખવામાં આવેલા છે. તે તમામ મુદ્દાઓનો જવાબ નકારમાં આપેલો છે, અને દાવો રદ્દ કરેલો છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, દાવાના કામે વાદી બેંકના ઓફિસરશ્રીની જુબાની આંક–૨૪ થી થયેલ છે. જેમાં તેઓએ દાવાની હકીકતો પુરવાર કરેલ છે. પ્રતિવાદીઓ વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર થયેલા નથી, કે અત્રેની કોર્ટમાં પણ અપીલના કામે હાજર થયેલા નથી, તેમ છતાં વિ. ટ્રાયલ કોર્ટે વાદી બેંકનો દાવો રદ્દ કરેલો છે.

વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, વિ. ટ્રાયલ કોર્ટે પોતાના જજમેન્ટમાં દાવો નામંજૂર કરતી વખતે જે કારણ આપેલ છે, તે કાયદા વિરૂધ્ધનું અને માનવા લાયક નથી, વિ. ટ્રાયલ કોર્ટે પોતાના કારણોમાં એવું લખેલ છે કે, દાવો દાખલ કરનાર મેનેજરને દાવો દાખલ કરવાની સત્તા હતી કે, કેમ તે બાબતનો કોઈ લેટર રજૂ કરેલ ન હોય, વાદીનો દાવો કાયદેસરનો નામંજૂર કરેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, વિ. ટ્રાયલ કોર્ટે દાવો નામંજૂર કરવાનું કારણ એક માત્ર એટલું જ આપેલું છે કે, મેનેજરે સત્તા બાબતેનો પત્ર રજૂ કરેલ નથી. વિ. ટ્રાયલ કોર્ટે રજૂ થયેલ મૌખિક કે દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધેલ નથી, તેમજ આ બાબતનો કોઈ મુદ્દો પણ કાઢેલો નથી. પ્રતિવાદીઓ વિ. ટ્રાયલ કોર્ટ રૂબરૂ હાજર થયેલા નથી, કે વાદીના દાવાને ચેલેન્જ કરતો કોઈ પુરાવો રજૂ કરેલો નથી. વાદી તર્ફે આંક–૨૫ થી આંક–૩૦ સુધી પ્રતિવાદીએ કરી આપેલ કરાર તથા હાઈપોથીકેશન તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે. આ તમામ દસ્તાવેજી પુરાવા વાદીની જુબાનીમાં પુરવાર થયેલા છે. જે વિ. ટ્રાયલ કોર્ટે ધ્યાને લીધેલ નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, બેંકના નાણાં તે જાહેર પ્રજાના નાણાં છે. પ્રતિવાદી નં. ૨ થી ૫ નાઓ લોનના કામે જામીનદાર જેરામભાઈ વેલજીભાઈ પટેલ, કે જેઓ ચાલુ કામે ગુજરી જતાં તેઓના કાયદેસરના વારસો હોય, તેઓને પક્ષકાર તરીકે જોડવામાં આવેલા છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, વિ. ટ્રાયલ કોર્ટે પુરાવાનું મૂલ્યાંકન કરવામાં ગંભીર પ્રકારની ભૂલ કરેલ હોય, રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું કાયદેસર રીતે પુરાવાકીય મૂલ્યાંકન કરેલ ન હોય, વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ સેટેસાઈટ કરી, વાદીનો દાવો ચઢતા વ્યાજ સાથે તથા ખર્ચ સહિત મંજૂર કરવા અરજ ગુજારેલ છે.

(૧૧) વાદી તર્ફેના વિધ્વાન વકીલશ્રીની દલીલો તથા વાદી તર્ફે વિધ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ થયેલ પ્લીડીંગસ ધ્યાને લેતા હાલની અપીલના નિર્ણય માટે નીચે મુબજના મુદ્દા ઉપસ્થીત થાય છે.

-:: <u>મુદ્દાઓ</u> ::-

(૧) શું વાદી સાબિત કરે છે કે, આ કામના પ્રતિવાદી નં. ૧ નાએ વાદી બેંક પાસેથી ટ્રેકટર–ટ્રેલર ખરીદવા રૂા. ૪,૩૩,૦૦૦/– (રૂપિયા ચાલ લાખ તેત્રીસ હજાર) તથા કિસાન ક્રેડીટ સ્કીમ મુજબની રૂા. ૭૦,૦૦૦/– (અંકે રૂપિયા સિત્તેર હજાર) ની લોન મેળવેલી ?

(૨) શું વાદી સાબિત કરે છે કે, આ કામના પ્રતિવાદી નં. ૧ નાએ વાદી બેંક પાસેથી મેળવેલ ધિરાણના પ્રતિવાદી નં. ૨ થી ૫ ના વડિલ જેરામભાઈ વેલજીભાઈ પટેલનાઓ જામીનદાર થયેલ હતા, અને જામીનગીરી ખત લખી આપેલ હતો, તે અન્વયે પ્રતિવાદી નં. ૨ થી ૫ નાઓ પાસેથી સંયુકત અને વિભકત રીતે મેળવવા હકકદાર છે ?

(૩) શું વાદી સાબિત કરે છે કે, લોન પેટે પ્રતિવાદી પાસેથી રૂા. ૫,૦૩,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ ત્રણ હજાર પુરા) તા. ૩૧–૦૫–૨૦૧૦ થી ચઢતા વ્યાજ સાથે મેળવવાને હકદાર થાય છે ?

(૪) શું વાદી માંગ્યા મુજબનું વ્યાજ મેળવવાને હકકદાર છે ?

(૫) ટ્રાયલ કોર્ટે જે હુકમ અને હુકમનામું ફરમાવેલ છે, તેમાં હસ્તક્ષેપ કરવો જરૂરી છે ?

(૬) શું હુકમ અને હુકમનામું ?

(૧૨) ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણય અને નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

(૧) હકારમાં
(૨) હકારમાં
(૩) અંશત: હકારમાં
(૪) હકારમાં
(૫) હકારમાં
(૬) આખરી હુકમ મુજબ.

–:: કારણો ::–

(૧૩) સદર કામે મુદ્દાઓની ચર્ચા કરતા પહેલા અપીલ અદાલતને આપવામાં આવેલ સત્તાઓને ધ્યાને લઈએ તો અપીલ અદાલતને મૂળ સિવિલ અદાલત જેટલી જ સત્તાઓ આપવામાં આવેલી છે. અપીલ કોર્ટને આપવામાં આવેલ સત્તાઓ સિવિલ પ્રોસિજર કોડની કલમ–૧૦૭ અને ઓ–૪૧ રૂલ ૩૩ માં જોગવાઈ કર્યા મુજબ નીચે મુબજ છે.

(૧) ઠરાવવામાં આવે તે શરતોને તથા મર્યાદાને આધીન રહીને અપીલ કોર્ટને નીચેની સત્તાઓ રહેશે.

- કેસનો આખરી નિર્ણય કરવાની,
- કેસ પાછો મોકલવાની,
- મુદ્દા કાઢીને ઈન્સાફી કાર્યવાહી કરવા માટે, તથા મોકલવાની,
- વધારે પુરાવો લેવાનો અથવા પુરાવો લેવાનું ફરમાવવાનું,

(ર) ઉપર પ્રમાણે આધીન રહીને, અપીલ કોર્ટને આવેલ હકુમત વાળી કોર્ટમાં માંડેલા દાવા સબંધે તે કોર્ટોને આ કોર્ટથી જે સત્તા આપવામાં આવી હોય, તે જ સત્તા રહેશે, અને ફરજો મુકવામાં આવી હોય, તે જ ફરજો તે બજાવશે.

આમ, આપીલ અદાલતને ઉપરોકત સત્તાઓ તથા મર્યાદાઓ ધ્યાનમાં રાખી હાલની અપીલના કામે થયેલ દલીલો તથા ટ્રાયલ કોર્ટ રૂબરૂ રજૂ થયેલ મોખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું ફરીથી મૂલ્યાંકન કરીએ તો :–

આ પ્રથમ અપીલ કોર્ટ ગણાય તે રીતે, આ કોર્ટે હકીકતની કોર્ટ કહેવાય, તેથી અપીલ કોર્ટની એ ફરજ છે કે, તેણે રજૂ થયેલ પુરાવાનું ફરીથી મૂલ્યાંકન કરી, ફરીથી આકરણી કરવાની રહેશે. આ સિધ્ધાંત ધ્યાનમાં રાખી રજૂ થયેલ પુરાવાનું ફરીથી મૂલ્યાંકન કરવામાં આવશે.

બન્ને પક્ષકારો તર્ફેની રજૂઆત ધ્યાનમાં લઈ, સદર હકીકત અહી

નોંધવા પાત્ર છે કે, હાલની પ્રથમ રેગ્યુલર અપીલ છે. જજમેન્ટ તથા હુકમનામાં સામે કરવામાં આવેલ છે. આવા સંજોગોમાં નામ. સુપ્રીમ કોર્ટના 2011(2) G.L.H. Page No. 432 (S.C.) B.M. Narayan Gauda V/s. Santhama ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

''દીવાની કાયદા–દીવાની કાર્યરીતિ સંહિતા, ૧૯૦૮ કલમ–૯૬ પ્રથમ અપીલ નકકી કરવા માટે સમિતિનું માર્ગદર્શન – પ્રથમ અપીલ એ અરજદારનો કિંમતી અધિકાર છે, અને તેમાં દરેક હકીકત અને કાયદાના પ્રશ્નો ઉપર ઈન્સાફી કાર્યવાહી અદાલતે નકકી કર્યા પછી તપાસ માટે ખુલ્લું છે – પ્રથમ અપીલમાં અદાલતે હકીકત અને કાયદાના પ્રશ્નોને ટૂંકમાં સંપૂર્ણ વિગતવાર સાંભળીને ચુકાદો આપવો જોઈએ – એવી બાબતમાં જયારે હાઈકોર્ટ ઈન્સાફી અદાલતનો ચુકાદો અસંતોષકારક લાગે અને તેને રદ કરવા ચુકાદો આપવા ઈચ્છે ત્યારે હાઈકોર્ટ હકીકતો અને કાયદાને ઝીણવટ પૂર્વક તપાસવા જોઈએ અને ઈન્સાફી અદાલતના ચુકાદાને રદ કરવા સચોટ કારણો આપવા જોઈએ.''

હાલના કેસના મેરીટ કે ડિમેરીટની ચર્ચા કરતા પહેલા અત્રેના કેસમાં એ નોંધવું જરૂરી છે કે, આ પ્રથમ અપીલ છે, તેથી નામ. સુપ્રીમ કોર્ટે 2006(2) G.L.H. Page No. 143 (Gujarat) Manjulaben Chandrakant Doshi V/s. Punjabhai Polabhai Bharwad ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

''દીવાની કાર્યરીતિ સંહિતા, ૧૯૦૮ – કલમ–૯૬, હુકમ ૪૧ અને ૪૩ – રેગ્યુલર સિવિલ અપીલનો નિર્ણય કરતી વખતે અપીલો સાંભળતી અદાલતને વિશાળ સત્તાઓ છે – તે સઘળા પુરાવાઓની ફેરમૂલવણી કરી શકે છે અને ગુણદોષના

આધારે તે પોતાના તારણ ઉપર આવી શકે છે – રેગ્યુલર અપીલનો નિર્ણય કરતી વખતે અપીલો સાંભળતી અદાલતનો અભિગમ વચગાળાના હુકમ સામેની અપીલનો નિર્ણય કરતી વેળાની અદાલત કરતા સાવ ભિન્ન અને અલગ છે.''

(૧૩.૧) આમ, નામ. વડી અદાલતના ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લઈ હાલની કોર્ટ તે પ્રથમ એપેલેટ કોર્ટ હોય, રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન તથા અર્થ ઘટન તે મુજબ કરેલ છે.

સદર કામે એ હકીકત નિર્વિવાદ છે કે, આ કામના પ્રતિવાદી નં. ૧ છોટુભાઈ રુમસીભાઈ પટેલ તથા પ્રતિવાદી નં. ૨ થી ૫ નાઓએ વિ. ટ્રાયલ કોર્ટનો સમન્સ તથા અત્રેની અદાલતની નોટિસ બજવા છતાં, પ્રતિવાદીઓ વિ. ટ્રાયલ કોર્ટ રૂબરૂ કે અત્રેની અદાલત રૂબરૂ હાજર નહી રહેતા તેઓની સામે સદર કામ એક તર્ફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

<u>મુદ્દા નં. ૧ થી ૩ ની સંયુકત ચર્ચા</u> :–

(૧૪) ઉપરોકત તમામ મુદ્દાની હકીકત એક–બીજા સાથે સંકળાયેલ હોય, પુરાવાનું પુનરાવર્તન ટાળવા માટે સરળતા ખાતર સદરહુ તમામ મુદ્દાઓના નિર્ણય માટેના કારણોની ચર્ચા એક સાથે કરેલ છે.

સદર દાવાના કામે વાદી બેંક તર્ફે આંક–૨૪ થી વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા વાંસદા શાખાના ચીફ મેનેજર સુરેશચંદ્ર બળદેવભાઈ ચૌહાણની સોગંદ ઉપર જુબાની રજૂ થયેલ છે. જેમાં તેઓએ સરતપાસમાં પોતાની દાવા અરજીની હકીકતનોનું પુનરાવર્તન કરેલ છે. જેથી અત્રે પુરાવાનું પુનરાવર્તન અટકાવવા માટે ફરીથી તેનો ઉલ્લેખ કરેલો નથી. સદર સાહેદની પ્રતિવાદીઓ તર્ફે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલી નથી. પ્રતિવાદીઓને પુરતી તક આપેલ હોવા છતાં પ્રતિવાદીઓએ વાદી બેંકના મેનેજરશ્રીને સમય મર્યાદમાં ઉલટ તપાસ ન કરતા વિ. ટ્રાયલ કોર્ટે તા. ૮–૧૦–૨૦૧૫ ના રોજ ઉલટ તપાસનો હકક બંધ

કરવાનો હુકમ કરેલ છે.

વાદી બેંક તર્ફે પોતાની દાવા અરજીના સમર્થનમાં આંક– ૨૫ થી પ્રતિવાદી નં.(૧) નું વાદી બેંકમાં નિભાવવામાં આવતુ એકાઉન્ટ સ્ટેટમેન્ટ રજુ કરવામાં આવેલ છે. આંક– ૨૬ થી પ્રતિવાદી નં.(૧) નાઓએ વાદી બેંકની તરફેણમાં કરી આપેલ, સાનગીરોનો કરાર (હાઈપોથીકેશન એગ્રીમેન્ટ) રજુ કરવામાં આવેલ છે. આંક– ૨૭ થી જેરામભાઈ વાલજીભાઈ પટેલનાઓએ વાદી બેંકની તરફેણમાં કરી આપેલ ગેરંન્ટી ખત (બાંયધરી ખત) તથા જામીનગીરીનો કરાર રજુ કરવામાં આવેલ છે. આંક– ૨૮ થી પ્રતિવાદી નં.(૧) નાઓએ વાદી બેંકની તરફેણમાં કરી આપેલ રીવાઈવલ લેટર રજુ થયેલ છે. આંક– ૨૯ થી વાદી બેંક દ્રારા પ્રતિવાદીઓને આપવામાં આવેલ નોટીશ તથા આંક– ૩૦ થી સદર નોટીશ બજયાની એકનોલ ેજમેન્ટ પાવતી રજુ કરવામાં આવેલ છે.

આંક– ૨૫ થી ૩૦ સુધીના તમામ દસ્તાવેજી પુરાવા વાદી બેંકના મેનેજર સુરેશચંદ્ર બળદેવભાઈ ચૌહાણની આંક– ૨૪ ની સોગંદ ઉપરની જુબાનીમાં રીફર થયેલા છે. તેમજ તમામ દસ્તાવેજી પુરાવાઓ બેંકની યોગ્ય કસ્ટડીમાંથી રજુ થયેલા છે. તેમજ સદર તમામ દસ્તાવેજી પુરાવાઓ અસલ છે. પ્રતિવાદીઓને પુરતી તક આપેલ હોવા છતા તેઓએ સદર દસ્તાવેજી પુરાવા ચેલેન્જ કરેલા નથી કે, વાદી બેંકના મેનેજરશ્રીને કોઈ ઉલટ તપાસ કરેલ નથી.

વાદી તર્ફે રજુ થયેલ આંક– ૨૫ ની પ્રતિવાદી નં.(૧) છોટુભાઈ રુમશીભાઈ પટેલનું બેંક સ્ટેટમેન્ટ ધ્યાને લઈએ તો સદર સ્ટેટમેન્ટ તા. ૧૩/૯/૨૦૦૬ થી તા. ૧૮/૧૧/૨૦૧૧ સુધીનું છે. જેમાં પ્રતિવાદી નં. (૧) ના ખાતે બાકી રકમ રૂ. ૪,૨૭,૭૩૩/૧૪ પૈસા દર્શાવેલી છે. વાદી તર્ફે આંક– ૨૬ થી રજુ થયેલ સાનગીરોનો કરાર (હાઈપોથીકેશન એગ્રીમેન્ટ) ધ્યાને લઈએ તો, સદર કરાર આ કામના પ્રતિવાદી નં. (૧) છોટુભાઈ રૂમશીભાઈ પટેલનાઓએ વાદી બેંકની તરફેણમાં લોન લેતી વખતે તારીખ. ૨૯–૦૫–૨૦૦૬ ના રોજ સાનગીરોનો કરાર

કરી આપેલ છે, તેમજ તેના દરેક પાના ઉપર પ્રતિવાદી નં. (૧) ની સહી જણાઈ આવે છે. વાદી તર્ફે રજુ થયેલ આંક– ૨૭ ના ગેરંટી ખતમાં (બાંયધરી ખત) જેરામભાઈ વેલજીભાઈ પટેલ રહે. મુ.પો. કુરેલીયા, તા. વાંસદાનાઓએ સદર લોનની જામીનગીરી પેટે જામીનદાર તરીકે સદર બાંયધરી ખતમાં દરેક પાના ઉપર સહીઓ કરેલી છે. તેમજ, વાદી તર્ફે આંક– ૨૮ થી રજુ થયેલ રીવાઈવીંગ લ ેટરમાં આ કામના પ્રતિવાદી નં. (૧) છોટુભાઈ રૂમશીભાઈ પટેલનાઓએ વાદી બેંકની તરફેણમાં લોન લેતી વખતે તારીખ. ૦૩–૦૨–૨૦૦૯ ના રોજ સહી કરી આપેલ છે. ત્યાર બાદ આ કામના વાદી બેંકે પ્રતિવાદી નં. (૧) છોટુભાઈ રૂમશીભાઈ પટેલ તથા જામીનદાર જેરામભાઈ વેલજીભાઈ પટેલનાઓને લોનની રકમના બાકી લેંણા પેટે રૂ. ૫,૫૨,૭૦૧/– વસુલ મેળવવા માટે તા. ૩૧–૦૧ –૨૦૦૯ ના રોજ રજીસ્ટર એડી. થી નોટીશ મોકલાવેલ, જે નોટીશની કોપી આંક– ૨૯ થી રજુ કરવામાં આવેલી છે, તેમજ સદર નોટીશ પ્રતિવાદી નં. (૧) ને મળી ગયા બાબતની પોસ્ટની રસીદ આંક– ૩૦ થી રજુ કરેલ છે.

આમ, વાદી તર્ફે રજુ થયેલ ઉપરોકત તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા એ હકીકત સ્પષ્ટપણે ફલીત થાય છે કે, આ કામના પ્રતિવાદી નં. (૧) નાઓએ વાદી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, વાંસદા, શાખા પાસેથી ટ્રેકટર– ટ્રોલી ખરીદવા નાણાંની જરૂર પડતા વાદી બેંક પાસેથી તા. ૨૯–૦૫–૨૦૦૬ ના રોજ રૂ. ૪,૩૩,૦૦૦/– ની ટર્મ લોન તથા કિશાન ક્રેડીટ સ્કીમ હેઠળ રૂ. ૭૦,૦૦૦/– ધિરાણ મેળવેલ હતું. તેમજ આ કામના પ્રતિવાદી નં. (૧) નાઓએ સદર લેણી રકમ પેટે હાઈપોથીકેશન કરાર તથા રીવાઈવીંગ લેટર વાદી બેંકની તરફેણમાં કરી આપેલ છે, વધુમાં એ હકીકત પણ સ્પષ્ટપણે ફલીત થાય છે કે, સદર લોનની રકમની જામીનગીરી પેટે જેરામભાઈ વેલજીભાઈ પટેલનાઓએ બાંયધરી ખત લખી આપેલો છે. તેમ છતા આ કામના પ્રતિવાદી નં. (૧) નાઓએ સમયસર હપ્તા ન ભરતાં તેઓને બાકી લેણી રકમ પેટે વાદી તરફથી નોટીશ આપવામાં આવેલી,

જે તેઓને બજી ગયેલ હોવા છતાં તેઓએ બાકી લોનની બાકી રકમ પેટે નાણાં ભરપાઈ ન કરતા, હાલનો દાવો કરવામાં આવેલ છે.

પ્રતિવાદી નં. (૧) નાઓએ સદર લોન વાદી બેંક પાસેથી મેળવતી વખતે જેરામભાઈ વેલજીભાઈ પટેલનાઓએ જામીનગીરી પેટે આંક– ૨૭ થી રજુ થયેલ બાંયધરી ખત લખી આપેલો છે. વાદી તર્ફે સદર દાવાના કામે પ્રતિવાદી નં. (૨) થી (૫) તરીકે તેઓના વારસોને જોડવામાં આવેલા છે, તેમજ વાદી તર્ફે બેંક મેનેજરશ્રીએ આંક– ૨૪ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, પ્રતિવાદી નં.(૧) ના પતિ અને (૨) થી (૫) ના પિતા જેરામભાઈ વેલજીભાઈ પટેલનાઓએ જામીનગીરી કરાર લખી આપેલો છે. આમ, પ્રતિવાદી નં. (૨) થી (૫) નાઓ જામીનગીરી કરાર કરી આપનાર જેરામભાઈ વેલજીભાઈ પટેલના કાયદેસરના વારસો હોવાનું ફલીત થાય છે, તેમજ તેઓના વડીલ જેરામભાઈ વેલજીભાઈ પટેલનાઓએ આંક– ૨૭ ના જામીનગીરી કરારમાં સહી કરી આપેલી હોય, તેઓ પ્ર તિવાદી નં. (૨) થી (૫) નાઓ પણ વાદી બેંકની લોનની રકમ ચુકવવા માટે સંયુકત પણે અને વિભકત પણે જવાબદાર છે.

આમ, ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર વાદી વિધ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ એવુ પુરવાર કરવામાં સફળ નિવડેલ છે કે, આ કામના પ્રતિવાદી નં. ૧ નાએ વાદી બેંક પાસેથી ટ્રેકટર–ટ્રેલર ખરીદવા રૂા. ૪,૩૩,૦૦૦/– (રૂપિયા ચાલ લાખ તેત્રીસ હજાર) તથા કિસાન ક્રેડીટ સ્કીમ મુજબની રૂા. ૭૦,૦૦૦/– (અંકે રૂપિયા સિત્તેર હજાર) ની લોન મેળવેલી છે તથા વાદી વિધ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ એવુ પુરવાર કરવામાં સફળ નિવડેલ છે કે, આ કામના પ્રતિવાદી નં. ૧ નાએ વાદી બેંક પાસેથી મેળવેલ ધિરાણના પ્રતિવાદી નં. ૨ થી ૫ ના વડિલ જેરામભાઈ વેલજીભાઈ પટેલનાઓ જામીનદાર થયેલ હતા, અને જામીનગીરી ખત લખી આપેલ હતો, તે અન્વયે પ્રતિવાદી નં. ૨ થી ૫ નાઓ પાસેથી સંયુકત અને વિભકત રીતે મેળવવા હકકદાર છે. વાદી વિધ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ એવુ પુરવાર કરવામાં સફળ નિવડેલ

છે કે, લોન પેટે પ્રતિવાદી પાસેથી રૂા. ૪,૨૭,૭૩૩/૧૪ પૈસા (અંકે રૂપિયા ચાર લાખ સત્યાવીસ હજાર સાતસો તેત્રીસ અને ચૌદ પૈસા પૂરા) તા. ૩૧ –૦૫–૨૦૧૦ થી ચઢતા વ્યાજ સાથે મેળવવાને હકદાર થાય છે. આમ, ઉપરોકત ચર્ચાને આધીન મુદા નં. ૧ તથા ૨ નો જવાબ હકારમાં તથા મુદા નં. ૩ નો જવાબ અંશત: હકારમાં ઠરાવુ છું.

મુદ્દા નં. ૪ ની ચર્ચા :–

(૧૫) વાદી બેંક તર્ફે હાલના દાવાના કામે ટ્રાયલ કોર્ટ રૂબરૂ રૂા. ૫,૫૭,૨૫૮/– ૯ % ના વ્યાજ સાથે કલેઈમ કરેલ છે. ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર પ્રતિવાદી નં. (૧) નાઓએ વાદી બેંક પાસેથી ટ્રેકટર–ટ્રોલી ની ટર્મ લોન પેટે રૂ. ૪,૩૩,૦૦૦/– તથા કિશાન ક્રેડીટ સ્કીમ હેઠળ રૂ. ૭૦,૦૦૦/– નું ધીરાણ મેળવેલ હોવાનું પુરવાર થયેલ છે, તેમજ સદર ધીરાણ લેતી વખતે આ કામના પ્રતિવાદી નં. (૧) નાઓએ વાદી બેંકની તરફેણમાં હાઈપોથીકેશન કરાર લખી આપેલો છે. સદર હાઈપોથીકેશન કરાર તેઓએ સદર લેણી રકમ રૂ. ૫,૦૩,૦૦૦/– ૯ ટકા વ્યાજ સાથે લોન પેટેના નાણાં ચુકવી આપવાની બાંયધરી આપેલી. તેમજ આ જેરામભાઈ વેલજીભાઈ પટેલ પ્રતિવાદી નં. (૨) થી (૫) ના વડીલનાઓએ સદર લોનની રકમ પેટે જામીનગીરી આપી બાંયધરી ખત લખી આપેલ હતો. આમ, બન્ને પક્ષકારો વચ્ચે લોનની રકમ પેટે વ્યાજની શરતો નકકી કરવામાં આવેલી છે, ત્યારે વાદી બેંક લેણી રકમ મેળવવા હકદાર છે, તેમ ઠરાવેલ છે ત્યારે વ્યાજ સબંધે સ્પષ્ટ પુરાવો રજૂ થયેલ હોય, ન્યાયના વિશાળ હિતમાં ૯% વાર્ષિક વ્યાજ આપવામાં આવે તો તે ન્યાયી અને યોગ્ય ગણાશે. આવા સંજોગોમાં મુદ્દા નં. ૪ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

મુદ્દા નં. ૫ ની ચર્ચા :–

(૧૬) ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર વાદી બેંક તર્ફે પુરવાર કરવામાં સફળ નિવડેલ છે કે, પ્રતિવાદી નં. (૧) નાઓએ વાદી બેંક પાસેથી ટ્રેકટર–ટ્રોલી ની ટર્મ લોન પેટે

રૂ. ૪,૩૩,૦૦૦/– તથા કિશાન ક્રેડીટ સ્કીમ હેઠળ રૂ. ૭૦,૦૦૦/– નું ધીરાણ મેળવેલ હોવાનું પુરવાર થયેલ છે, તેમજ સદર ધીરાણ લેતી વખતે આ કામના પ્રતિવાદી નં. (૧) નાઓએ વાદી બેંકની તરફેણમાં હાઈપોથીકેશન કરાર લખી આપેલો છે. તેમજ આ જેરામભાઈ વેલજીભાઈ પટેલ પ્રતિવાદી નં. (૨) થી (૫) ના વડીલનાઓએ સદર લોનની રકમ પેટે જામીનગીરી આપી બાંયધરી ખત લખી આપેલ હતો. વિધ્વાન ટ્રાયલ કોર્ટે પોતાના ચુકાદામાં એવુ અવલોકન કરેલ છે કે, વાદી બેંકના અધિકારીને અધિકાર આપતો કોઈ ઓથોરીટી લેટર કે અન્ય કોઈ આધાર ભુત પુરાવા રજુ રાખેલા નથી. આથી, વાદી બેંક લેણી રકમ મેળવવા હકદાર નથી, તેમ ઠરાવેલ છે. પરંતુ ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર વાદી બેંક તે બેંકીંગ નિયમો હેઠળ કામ કાજ કરતી સંસ્થા છે, તેમજ સમગ્ર દેશમાં જુદી જુદી જગ્યાએ વાદી બેંકની શાખાઓ આવેલી છે તથા સને–૧૯૯૫ ના સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા એકટ મુજબ સ્થપાયેલી બેંક છે, અને તે મુબજ બેંકનું કામ કાજ કરે છે. વાદી બેંકીંગ બિઝનેશ જેવા કે, કેસ ક્રેડીટ ફેસીલીટી, ખેત સુધારણા માટે ધિરાણ, ધંધા ઉધ્યોગ માટે ધિરાણ, ટ્રેકટર–ટ્રેલર તથા સાધનો, બળદ, ભેંસ વિગેરે ખરીદવા ધિરાણ આપવાની તથા થાપણો સ્વીકારવાનો ધંધો કરે છે. તેમજ વાદી બેંકના મેનેજરશ્રીએ હાલનો દાવો પોતાના હોદાની રૂએ આપવામાં આવેલ સતાના આધારે દાખલ કરેલો છે, તેમજ આંક– ૨૪ થી સોગંદ ઉપર જુબાની આપેલી છે. આમ, વાદી બેંકના મેનેજરશ્રીને પોતાના હોદાની રૂએ આપવામાં આવેલ સતાને આધારે દાવો દાખલ કરેલો છે. વધુમાં નામદાર વડી અદાલતે **સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા વિ. કાશ્મીર આર્ટ પ્રિન્ટીંગ પ્રેસ, સીરસા એ.આઈ.આર ૧૯૮૧ પંજાબ એન્ડ હરીયાણા પાના નં. ૧૮૮** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા તે વિશિષ્ટ કાયદા હેઠળ રચાયેલ સંસ્થા છે, તેમજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એકટ ૧૯૫૫ મુજબ વિશિષ્ટ દરજ્જો ધરાવે છે. આથી, તેઓના વાંરવારના નોટીફીકેશનોના આધારે મેનેજરશ્રીને

દાવો દાખલ કરવાની, પુરાવા રજુ કરવાની તથા જુબાની આપવાની હોદાની રૂએ સતા આપવામાં આવેલી છે. આવા સંજોગોમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટે ફરમાવેલ ચુકાદામાં હકીકત તથા કાયદાના મુદ્દા અન્વયે હસ્તક્ષેપ કરવો જરૂરી હોય, મુદ્દા નં. ૫ નો જવાબ હકારમાં ઠરાવી, મુદ્દા નં. ૬ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: આખરી હુકમ ::–

(૧) હાલની રેગ્યુલર સિવિલ અપીલ નં. ૨૯/૨૦૧૭ '' **અંશત: મંજૂર**'' કરવામાં આવે છે.

(૨) પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ નવસારીનાઓએ સ્પે. દીવાની મુકદમા નં. ૫૫/૨૦૧૧ ના કામે તા. ૧૨–૦૭–૨૦૧૬ ના રોજ ફરમાવેલ હુકમ તથા હુકમનામામાં અંશત: ફેરફાર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) વધુમાં પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ નવસારીનાઓએ સ્પે. દીવાની મુકદમા નં. ૫૫/૨૦૧૧ ના કામે તા. ૧૨–૦૭–૨૦૧૬ ના રોજ ફરમાવેલ હુકમ તથા હુકમનામામાં અંશત: સુધારો કરી એવો હુકમ કરવામાં આવે છે કે, આ કામના પ્રતિવાદી નં. (૧) થી (૫) નાઓ પાસેથી બાકી રકમ પેટેના રૂા. ૪,૨૭,૭૩૩/૧૪ પૈસા (અંકે રૂપિયા ચાર લાખ સત્યાવીસ હજાર સાતસો તેત્રીસ અને ચૌદ પૈસા પૂરા) તા. ૩૧–૦૫–૨૦૧૦ થી ૯% ચઢતા વ્યાજ સાથે વસૂલ થતા સુધી સંયુકત તથા વિભકત રીતે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) વાદીના દાવાની તથા અપીલનો ખર્ચ પ્રતિવાદીઓએ ભોગવવો તથા પ્રતિવાદીએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

(૫) હુકમ મુજબ હુકમનામું દોરવું.

(૬) આ હુકમની એક નકલ તથા આર. એન્ડ પી. વિદ્વાન ટ્રાયલ કોર્ટને મોકલી આપવું.

હુકમ આજરોજ તા. ૨૯ મી, માહે–માર્ચ, સને–૨૦૨૩ ના રોજ આહવા મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

વાંસદા.
તા. ૨૯–૦૩–૨૦૨૩

(એ.એમ. મેમન)
બીજા એડિશનલ ડિસ્ટ્રીકટ જજ
નવસારી, કેમ્પ–વાંસદા.
(જજ કોડ નં.જીજ૦૦૬૭૪)